

હાસ્યરસ અને હાજર જ ॥

—: અમુલ્યભંડાર :—

આવૃત્તિ પહેલી અત ૨૦૦૦

તા. ૧૦-૪-૧૯૧૦ રવીવાર



# હસાહસનો ખજાનો.

અગર જો પેટ પકડી હસવું ના આવે તો પુસ્તક પાછું

લી. રમુજી.

—પ્રકાશક—

કે—એમ—એન્ડ-

નિર્મળ પ્રિન્ટીંગ પ્રેસ—મ

[illegible]

અવાદ ખાડીઆ રોડ ઉપર નીર્મળ પ્રીન્ટીંગ પ્રેસમાં

અરજાણ ત્રિવેદીએ છાપી.

॥ શ્રી ॥

# હસાહસનો ખજાનો.



( ૧ )

એક સ્ટેશનપર એક મસ્ત અફ્ગાન ડબામાંથી ઉતરી પ્લેટફૉર્મપર ફરતો હતો દરમીઆન ગાડી ચાલવામાંડી એટલે અફ્ગાન તરત દોડીને બેસવા ગયો પણ ગાર્ડે આવી તેને પકડી રાખ્યો અને બોલ્યો કે “ ચાલતી ગાડીએ બેસવાનો રૂલ નથી ” એમ કહાને પોતાના ડબામાં બેસવા માંડયો તેવામાં પેલા અફ્ગાને આવી તેને ખેંચી પાડયો અને બોલ્યો કે ચાલતી ગાડીયે બેસવાનો રૂલ નથી ” ગાર્ડે શરમાઇ જઇ લાલ વાવટો બતાવી ગાડી ઉભી રખાવી બાદ બંન્ને જણા બેશી ગયા.



( ૨ )

એક દીવસ અકબર અને બીરબલ બજારમાંથી પસાર થતા હતા તેવામાં બાદશાહ કેટલાક કુતરાંને ભેગા મળી ખાતાં જોઇ બોલ્યો " બીરબલ કુતરાં હીન્દુ કે મુસલમાન " ? જવાબમાં બીરબલે કહ્યું " જહાંપનાહ જો હીન્દુ હતતો ભેગાં ખાતજ શું કરવા " ?

---

( ૩ )

એક શોખીન એક ગુણકાને ત્યાં ઠાઠ માઠ કરીને ગયો ગુણકાને જોડા પહેરી આવતાં જોઇ તે બોલ્યો " કેમ નાયકાજી તમે તો ઘરમાં પણ જોડા પહેરીનેજ ફરોછો એમ જણાય છે. ? " ગુણકાએ આખ મચકારી જવાબ આપ્યો કે " જી હા હજુર શુ કરૂ. ગરીબ માણસ છુ મને બીક લાગે છે કે કોઇ બગલમાં ચોપડી તરીકે ઉપાડી ના જાય કે જેથી મને ખલેલ પડે તેથી હુ સાથેજ રાખુછું. પણ હું હજુરના જોડા તો ખીદમતગારની પાસેજ રહેતા હશે તેથી હજુર બેફીકર છો. " આ સાંભળતાં પેલો શેખખાન નીચું જોઇ ગયો.

( ૪ )

કોઇ આદમીએ એક ગધેડાને પુછયું કે " તું ઘાસ ખાય છે ત્યારે ભાંગ કેમ નથી ખાતો. એનું શું કારણ ? " ગધેડાએ કહ્યું કે " મને એની બહુ બ્હીક લાગે છે. " પેલા માણસે પુછયું કે " શી બ્હીક લાગે છે " ? ગધેડાએ જવાબ દીધો કે " જો આદમી ભાંગ પીએછે તો મારા દરજ્જામાં ગણાય છે તો હું ખાઉં તો મારી કીયા દરજ્જામાં ગણત્રી થાય ? "

— —

( ૫ )

કોઇ એક આશકે પોતાની માશુકના નામે ૧૦૦ રૂપીયાનો મનીઓર્ડર મોકલ્યો અને તેના સાથે એક પત્ર પણ લખ્યો. પત્ર પેલી સ્ત્રીને મળ્યો પણ મનીઓર્ડર ને દીવસ મળ્યો નહીં તેથી તે ગભરાતી પોસ્ટ ઓફીસમાં દોડી અને પોસ્ટ માસ્તરને પુછયું " માસ્તર સાહેબ મારો મનીઓર્ડર કેમ રોકયો છે ? પોસ્ટ માસ્તર તે સ્ત્રીને જોઇને હસી પડયો અને બોલ્યો " તુ જાતે શું કરવા આવી. બીલ મોકલવુ તુ કે તરતજ નાણાં વસુલ થાત. " રાંડ પણ હાજર જવાબી હતી તે બોલી કે " મે સાંભળ્યું હતુ કે તમારી ડાગળી ખશી ગઇ હતી અને તમારી ડચુરા પર

આવવાને લાયક પણ નહોતા તો બીલ શી રીતે થાત?" પોસ્ટ માસ્તર ગભરાઇ ગયા અને કંઇ જવાબ આપી શકયા નહી.

---

( ૬ )

એક ભલા આદમીએ એક ગોવાળને ત્યાંથી એક પૈસાનુ દુધ લીધું. દુધમાં એક માખી નીકળી તેથી તે ભલો માણસ બોલ્યો "કેમ ભાઇ દુધમાં માખી કેમ પડી છે" ગોવાળે અકડાઇને જવાબ આપ્યો કે "શું પૈસાના દુધમાં એક માખી નહી તો કંઇ હાથી નીકળે"?

---

( ૭ )

એક મીયાં રોટી બનાવતા હતા! ચુલો ફુંકતે ફુંકતે થાકુર થઇ ગઇ તેથી ચુલા તરફ પુઠ ફેરવી બોલ્યા કે "અબે ઇતની તાકીદ હૈ તો લે તુહી ફુકલે."

---

( ૮ )

એક શેઠની સ્ત્રી મરીગઇ તેથી તે બહુજ દીલગીર થઇ ગયા, અને રડી રડી આંખો ફુલી ગઇ. તેમના એક મીત્રે

કહ્યું કે "મીત્ર એક સ્ત્રીને માટે તમે આટલું કલ્પાંત કેમ કરોછો? તમારી મા મરી ગઈ ત્યારે તો તમે આટલું નહોતા રડતા." શેઠે જવાબ દીધો કે "ભાઇ સાહેબ મારી મા મરી ગઈ ત્યારે તો આડોશી પાડોશીની સ્ત્રીઓ આવીને કહેતી હતી કે હમે તમારી માતા બરોબર છીએ પણ હવે આ વખતે કોઇ પણ કંઇ કહેતું નથી."

---

( ૯ )

શુ હતુ અને શુ થઇ ગયુ ? પાઘડીને બદલે ફુમતાવાળી ટોપી, અંગરખાને બદલે કાપવાળો કોટ, પાયજામાને બદલે પાટલુન, જોડાને બદલે બુટ, લાકડીને બદલે કેન, તીર્થયાત્રાને બદલે લંડનયાત્રા, પંડીતને બદલે માસ્તર, વકીલને બદલે બૅરીસ્ટર, સુખને બદલે દુઃખ, પાલખી રથને બદલે ટમટમ, કાસદોને બદલે તાર, વૈદ્ય હકીમને બદલે ડાકટર, દેશી ઔષધોને બદલે મેડીસીન, દીવાની જગાએ ચીમની લેમ્પ, દેશી કલમને બદલે પેનસીલ, તેલને બદલે કેરોસીન ઑઇલ, દેશી કપડાંને બદલે વીલાયતી કપડાં, એવા સર્વ પદાર્થ વીલાયતીજ દેખાય છે. ફેશનની ફીશીયારી, અને પૈસાની ખુવારી હવે હીંદુસ્થાની લોક હાથપર હાથ રાખી બેશી ના રહે તો શું કરે ?

---

( ૧૦ )

એક દીવસ એક મશકરાનો એવો અપરાધ થઇ ગયો કે પાદશાહે હુકમ કર્યો કે મારી સમક્ષ એની ગરદન કાપી નાખો. આ હુકમ સાંભળી તે મશકરો રોવા લાગ્યો એટલામાં એક માણસે કહ્યું કે "અરે આ બેવકુફ રડે છે શા માટે? જે આ દુનીયામાં આવ્યું તે જવાનુજ છેતુ આયલો છે." આ સાંભળી મશકરો બોલ્યો "ભાઇ જો તમે મોટા બહાદુર હોતો મારી જગાએ તમેજ બેસોને હું પણ તમારી બહાદુરી જોઉં તો ખરો" આ સાંભળી પાદશાહને બહુજ હસવુ આવ્યું અને એનો ગુન્હો માફ કર્યો.

---

( ૧૧ )

એક શોખીન અને મીજાજી મેવાવાળી બુઢ્ઢી ખુબ ઠાઠથી બજારમાં નારંગીયો વેચતી હતી એવામાં એક રસ્તે જતો મશકરો ડોશીની ઉમ્મર અને એનો લટકો જોઇ ત્યાં આવ્યો અને એક નારંગી ઉપાડી અને હાથથી દબાવી સુંઘવા માંડયો અને બોલ્યો "ડોશી તમારી નારંગી તો ઢીલી પડી ગઇ છે." મેવાવાળી પણ ઉસ્તાદ

હતી તે બોલી " ઠીક છે ભાઈ મારી નારગીને ચુસનારા તમારા જેવા હોય તો પછી તે કયાંથી કઠણ રહે ? " મ-શ્કરો ઠડો ગાર ( ! ! )

---

( ૧૨ )

એક અમીર પોતાના મકાનના દરવાજા આગળ ઉભો હતો તેવામાં એક ફકીર આવી તેને કહેવા લાગ્યો કે અલ્લાહતા કઇ આપશો ? અમીરે જવાબ આપ્યો કે " સાંઇજી આ વખત કોઇ નોકર નથી કે જે તમને ખાવાનુ આપે " ફકીરે કહ્યું કે " બાબા ઘડીવાર તમેજ નોકર બની જાઓ. "

---

( ૧૩ )

એક જુવાન અમીરજાદાએ પોતાના નોકરને ગુણકાને બોલાવી લાવવા મોકલ્યો પવન ખુબ હોવાથી દરવાજો બંધ કરી અમીરજાદો બેઠો હતો એટલામાં તે રાંડ આવી અને દરવાજો ઉઘાડી અંદર દાખલ થઇ તેવામાં અમીર-જાદાએ કહ્યુ કે " બીબીજાન જરા દરવાજો બંધ કરતાં

આવજો " પેલી સ્ત્રીએ જવાબ દીધો કે " હજુરનો દરવાજો બીબીજાનથી બંધ નહીં થાય એ કામ દરવાન પાસે કરાવજો " આ જવાબથી અમીરજાદો શરમીંદો પડી ગયો.

---

( ૧૪ )

એક દીવસ એક મોટો માણસ સુઇ રહ્યો હતો તેવામા એકાએક બંદુકના અવાજે તે ઉંઘમાંથી જાગી ઉઠયો આંખ ઉઘાડી જુએ છે તો ખીદમતગારને બંદુક લઈ ઉભેલો જોયો એને પુછયું " કેમ શું છે ? ' ખીદમતગારે જવાબ દીધો કે " એક ચકલી વરંડાપર આવી હતી મેં જાણ્યું કે તે ચેં ચેં કરી હજુરને ખલેલ કરશે એમ ધારી તેને ગોળી મારી ઉરાડી દીધી ' અક્કલનો નમુનો.

---

( ૧૫ )

એક ગાંજાખોર મીયાં એક દીવસ ખુબ ગાંજાની દમ મારી ફરતા ફરતા એક ગુણકાના ઘર આગળ આવી પહોંચ્યા ત્યાં અચાનક પેલી ગુણકાએ પાનની પીચકાની રેડી તે પેલા મીયાંપર પડી અને મીયાં રંગાઇ ગયા અને ઉંચું જોઇ તે બાઇનું મોં જોવા માંડયા. પેલી ગુણકા પણ પોહો-

ચેલી હતી તેણે કહ્યું કે " શું છે મીયાં ? " મીયાંએ જવાબ આપ્યો કે " બીબી શું થુંક છે કે બાંજુ કર્યું ?" તેના જવાબમાં પેલી સ્ત્રીએ કહ્યું કે " મીયાં હમે તો કદી થુકતાંજ નથી એ શુ બોલો છો " મીયાં બખી વાતે ઉલ્લુ બન્યા.

---

( ૧૬ )

એક બહાદુર સરદારે નેપોલાયનને કહ્યુ કે " અ મારા સીપાઇતો ઇજ્જતને માટે લઢે છે અને તમારા સીપાઇ તો મુલક જીતવા સારૂ લઢે છે " નેપોલીયને જવાબ આપ્યો કે " જેની પાસે જે ચીજ ના હોય તેને માટે તે લઢે તે સ્વભાવીક છે.

---

( ૧૭ )

નાદીરશાહે ભર દરબારમાં એકવાર એક હકીમને પુછ્યુ કે " જો હીંદુસ્તાની મરદની સાથે ઇરાની ઓરતનુ લગ્ન કરે તો તેમનું બચ્ચુ કેવુ થાય ? " હકીમે જવાબ દીધો કે " હજુર બચ્ચું તો નાદીર પેદા થાય " આ સાંભળી નાદીર ચુપ થઇ ગયો.

---

( ૧૮ )

એક અટશીકલ પુરૂષ સવારમાં બજારમાં જતો હતો તેવામાં સામેથી એક ખુબ સુરત આયા એક હાથમાં ઇંડુ તથા બીજો હાથ છાતીપર રાખી આવતી હતી તેવામાં પેલા પુરૂષે મશ્કરી કરી કે " આયાજી જુઓ ઇંડુ પડી ગયુ " આયા પણ ચાલાક હતી તે બોલી " શું ઇંડુ હડતાજ બચ્ચુ પેદા થઇ ગયુ ? આ જવાબથી પેલાની બોલતીજ બગડી ગઇ.

---

( ૧૯ )

એક ગામની સ્કુલમાં કેટલાક છોકરા ભણતા હતા તેમાં એક છોકરો બડો બદમાસ હતો તે હમેશાં આમતેમ જોયા કરતો હતો. એક દીવસ તેમના મહેતાજીએ ગુસ્સેથી કહ્યું કે " અરે સેતાન અહીં તું ભણવા આવે છે કે હમારૂં મોં જોવા " છોકરે જવાબ દીધો કે " ગુરૂજી જેણે તમારૂ મોઢુ જોયુ હોય તેણે સુવરનું મોઢુ દેખ્યા બરાબર છે. "

---

( ૨૦ )

એક આદમી રેલ્વે સ્ટેશનની જનાના વેઇટીંગરૂમમાં ઘુસી ગયો તેવામાં સ્ટેશન માસ્તરે તેને બ્હાર કાઢી પુછ્યુ કે " તમે વાંચ્યું નહી કે આ વેઇટીંગરૂમ સ્ત્રીઓની છે " પેલા આદમીએ જવાબ દીધો કે " હા સાહેબ ઉપર જનાના વેઇટીંગ રૂમ લખ્યું છે એમ નાહક તુ વાચ્યુ "

---

( ૨૧ )

એક આદમીની ઘોડી ગભંવંતી હતી. એક દીવસે તે જંગલમાંથી ઘાસનો ભારો લઇ પોતાના માથાપર તે ભારો મુકી ઘોડાપર બેશી આવતો હતો. લોકોએ પુછ્યુ કે " કેમ ભાઇ ભારો માથાપર કેમ મુકયો છે ? " પેલાએ જવાબ આપ્યો કે " ઘોડી ગાભણી છે તેથી તેનાપર બોજો ના આવે માટે ભારો માથે મુકયો છે " અકકલનો ભંડાર.

---

( ૨૨ )

એક દારૂડીયો નીશામાં ચકચુર થઇ રસ્તામાં પડયો હતો. મોંમાંથી ખરાબ વાસ આવતી હોવાથી એક કુતરૂં

તેનુ મોં સુંઘવા માંડયુ. તેથી દારૂડીયે જાણ્યું કે કોઇ મીત્ર શરાબ પાવા સારૂ મોંઢું ઉઘાડુ કરે છે. તેથી તરત તેણે મોં ઉઘાડયું. પલા કુતરાએ પગ ઉંચો કરી તેના મોંમાં પેશાબ કર્યો. ત્યારે પેલો દારૂડીયો કહેવા લાગ્યો કે "બસ યાર બસ હુવે તો ખુબ થઇ ગયો. હુવે શીશો લઇજા. વધારે નહીં" દારૂડીયાની આવીજ દશા થાયછે.

---

( ૨૩ )

એક ગોવાળણ બજારમા દુધ વેચતી હતી તેવામાં એક નવાબે તેના ગુન સાભળી મશ્કરી કરવા બોલાવી અને તેના માટલીમા આગળી બોળી કહ્યું કે "તારૂં દુધતો પાણી જેવુ છે. હમારે તો જાડુ જોઇએ." ગોવાળણ દેખાવમાં તો ગાય જેવી હતી પણ ચાલાક હતી. તે બોલી કે "નવાબ સાહેબ શુ બોલોછો જરા મારૂ દુધ ચાખી તો જુઓ" નવાબ સાહેબ નાકલીંટી ખેંચી ગયા.

---

( ૨૪ )

એક વકીલ પોતાના એક અસીલને કહેવા લાગ્યા કે ' તમે ઇજ્જતદાર કહેવરાવોછો પણ તમે તો ભાંડનો ધંધો કરોછો શુ એ નીચ ધધો નથી ? "

ભાંડ કહે કે " હશે પણ એ ધંધો મારા બાપના ધંધા કરતાં સારોછે. અને તેથી તે ધંધો ઇજ્જતવાળો સમજ્યો છું. " વકીલ કહે. " તમારો બાપ શો ધંધો કરતા હતા ? " ભાંડ કહે " તે વકીલ હતા.

---

( ૨૫ )

છગન કહે " ભાઇ મગન કેમ રડે છે ! "

મગન કહે " અરે ભાઇ મે સાભળ્યુ હતું કે તું મરી ગયો. " છગન કહે " હું તારા સામો જીવતો ઉભો છુ તો હવે શા માટે રડે છે ? "

મગન કહે " ભાઇ હવે એટલા સારૂ રડુ છુ કે તુ મરી કેમ ના ગયો કે મારૂં આ બધુ રડવુ કકળવુ વ્યથ ગયુ. "

---

( ૨૬ )

બાપે બેટાને કહ્યુ કે " બેટા એક વાત ધ્યાનમાં રાખવી કે ચોરી કરવી એ ખરાબ કામછે " દીકરાએ જવાબ દીધો કે " ત્યારે તમે કેમ ચોરી કરી " બાપ બોલ્યો " મેં ક્યારે ચોરી કરી છે. " છોકરે જવાબ આપ્યો કે

"પરમેશ્વર જાણે" બાપે ફરી પુછયું કે "કોણ કહેતું હતુ?" છોકરે જવાબ આપ્યો કે "મારી મા કહેતી હતી કે તારા બાપે તો મારૂં દીલ ચોરી લીધું છે."

---

( ૨૭ )

એક સખશે પોતાના એક હકીમ દોસ્તને પુછયું કે "જયારે હું ઉભો થાઉછું ત્યારે મારા શરીરનું બધુ લોહી પગ તરફ ઉતરતું નથી. પણ માથા તરફ ચાલ્યુ જાય છે તેનુ કારણ શુ" હકીમે જવાબ દીધો કે "કારણ એ કે તમારા પગ ખાલી નથી પણ તમારૂં મગજ ખાલીછે."

---

( ૨૮ )

એક અમીરઆદમીએ વાતેવાતમાં એક બીજા માણસને કહ્યુ કે "પરમેશ્વરની મહેરબાની છે કે હું કોઇનો દેવાદાર નથી." આ સાંભળી એક રસ્તે જનારે કહ્યુ કે "બેસો બેસો હવે તમારો ગામમા કોઇ હતબારજ કરતુ નથી."

---

( ૨૯ )

એક વૈદ્ય પીઠપર ગાંસડી રાખી "વૈદ છે વૈદ "ના અવાજ કરતા ચાલ્યા જતા હતા એમને જોઇ કેટલાકએક મશ્કરાઓએ તેમને પોતાની પાસે બોલાવ્યા અને એક જણે હાથ લાંબો કરી નાડી જોવાનુ કહ્યુ જેવો વૈદ્ય નાડી જોવા હાથ પકડયો તેવોજ મશ્કરો મુઠી વાળી અને હાથ હલાવવા માંડયો જેથી તેના તમામ સાથી હશી પડયા અને વૈદ્ય પણ શરમીંદા પડી ગયા પરતુ તે પણ કાચા નહોતા તેમણે હશીને જવાબ દીધો કે " ભાઇ મને તો લાગે છે કે તમારી નાડી કાબુમાં નથી." મશ્કરો આ જવાબ સાંભળી નીચુ જોઇ ગયો.



( ૩૦ )

એક મશ્કરા ભુખ્યો થયો તેથી એક ગામમાં જઈ ત્યાં એક ગ્રહસ્થના ઘરમાં ઘુસી ગયો. એક ઓરડામાં ઘરના માલીકની જુવાન સ્ત્રી બેઠા હતા તેના માથાપર હાથ ફેરવી ખુબ રોવા લાગ્યો. એ સ્ત્રીના સાસુ રડવાનો અવાજ સાભળી ત્યાં આવી અને તે સમજી કે તે માણસ છોકરી-નો કઇ સગો છે. તેથી તે બોલી કે " ચાલો ચાલો ભાઈ

અંદર આવો ત્યાં બેસો ખરી વાત છે કે છોકરીની માયા નો એવીજ હોય છે. મશ્કરો ચુપચાપ થઇ તે બાઇની સાથે અંદર ગયો. ખાવાનો વખત થયો હતો તેને તે બાઇએ પુછયુ કે " ભાઇ તમે હમણાં ખાવાનુ પણ નહી ખાધું હોય " મશ્કરે આંસુ લ્હોતાં કહ્યું કે " હમણાં નહી " આ સાંભળી તે બાઇએ જે કંઇ તૈયાર હતુ તે મશ્કરા આગળ લાવી હાજર કર્યું અને કહ્યુ કે " ચાલો પહેલુ ખાવાનું ખાઇ લ્યો મશ્કરો ખુશીથી ખાવા બેઠો જ્યારે ખાતો હતો ત્યારે તે બાઇએ પુછયુ કે " ભાઇ આ છોકરી તમારી શી સગી છે " મશ્કરો ફરી રોવા લાગ્યો અને બોલ્યો કે " પરમેશ્વરને વાસ્તે મારૂ ખાણુ ખરાબ ના કરો " તે બીચારી બાઇ ચુપ થઇ ગઇ જ્યારે ખાવાનુ પુરૂ થયું ત્યારે તેણે ફરી પુછયુ કે " ભાઇ કહો તો ખરા કે એ છોકરી તમારી શી સગા થાય "? એટલામાં મશ્કરો જોડા પ્હેરી બ્હાર નીકળી કહેવા લાગ્યો કે " પ મેશ્વરના સોગન હુ એને જાણતો પણ નથી " ડોશીએ કહ્યુ કે " ત્યારે તમે રોયાતો બહુ " મશ્કરો બોલ્યો કે " માજી વીચાર કરોને કે હુ જો રડયો કકળયો ના હત તો શુ તમે મને ખાવાનુ આપત ? "

---

( ૩૧ )

એક બાઇ એક દાંતના ડાકતરની દુકાને ગઇ " દાંતના ડાકતરે કહ્યું કે " મોં ઉઘાડો " તે બાઇએ ખુબ જો-

રથી મોં પહોળું કર્યું તેથી ડાક્તર બોલ્યો કે " બાઈ સાહે-બ આટલા જોરથી મોં પહોળું કરવાની જરૂર નથી હું તો બહારથીજ દાત કાઢવાનો છુ. "

---

( ૩૨ )

એક દુકાનદાર પોતાના બેવકુફ છોકરાને દુકાન સોંપી કંઇ કામ માટે બહાર ગયો તેવામાં એક માણસ એક શીસામાં પૈસાનું તેલ લેવા આવ્યો પેલા છોકરાએ પુરો સીસો ભરી આપ્યો. એટલામાં તેનો બાપ આવી પહોચ્યો અને છોકરાની મુર્ખાઈ જોઈ કહેવા લાગ્યો કે " મુરખ એક પૈસામાં આટલુ બધું તેલ કેમ આપ્યું ? " ત્યારે છોકરો કહે કે " મને શુ કરવા કહોછો ઘરાકને કહોને કે આટલો મોટો સીસો કેમ લાવ્યો ? "

---

( ૩૩ )

એક કંજુસ અમીર તીર્થ યાત્રા કરવા ગયો. પૈસો ખર્ચ કરવાનું તો તે જાણતો નહોતો બ્રાહ્મણોએ બહુજ

મુશ્કેલીથી તેમની પાસેથી પૈસા કઢાવ્યા અને જ્યારે અમીર પાછો ફરવા માંડયો ત્યારે તેઓએ કહ્યું કે "અમીર સાહેબ કોઇ પણ ચીજનો હમેશાને માટે ત્યાગ કરવાની બાધા લેતા જાઓ અહીં એવો રીવાજ છે [illegible]ી બોલ્યો કે "હું બાધા લઉ છુ કે હવેથી હમેશાને માટે અહીં નહીં આવુ."

---

( ૩૪ )

દિલ્હીના બે મશ્કરાએ મફતની મીઠાઇ ખાવાનો વીચાર કર્યો અને બન્નેજણા બજારના [illegible] કંદોઇની દુકાને પહોંચ્યા એકે કંદોઇ પાસેથી ૧ રુપીયાના [illegible] લઇ ત્યાંજ ખાવા બેઠો બીજો આઠ આનાની મીઠાઇ [illegible] આઠ આના રોકડા લઇ રસ્તે પડયો. એટલામાં કંદો[illegible] દોડીને તેને પકડયો અને રૂપીયો માગ્યો. મશ્કરો [illegible] કે "મેં તો રૂપીયો કયારનો એ આપ્યો છે." [illegible] બન્નેજણા વઢી પડયા ઘણાં માણસ ભેગાં થયા [illegible]માં પેલા મશ્કરાએ કહ્યું કે "મે તો તને [illegible] ગૃહસ્થની સમક્ષ રૂપીયો આપ્યો છે જો ના માનતો હઉ તો ચાલ તેને પુછાવું" કંદોઇ આ સાંભળી રાજી થતો પેલા મશ્કરા સાથે પોતાની દુકાન આગળ આવ્યો અને પેલા બીજા મશ્કરાને પુછયુ કે "ભાઇ [illegible] સાચું કહો કે આ મા-

મુસે મને રૂપીયો આપ્યો છે ?" તે બોલ્યો કે " અરે સારા દેખતાં તેણે રૂપીયો આપ્યો છે. જોજે આ રીતે મારો રૂપીયો પણ રખે ભુલી જતો." આમ કહીને તે કદોઇને હરીભાઇ બનાવ્યો. અને બન્ને મશ્કરા મીઠાઇ ખાઇ રસ્તે પડયા. મફતનું ચંદન ઘસબે લાલીયા એ વાળી વાત થઇ.

---

( ૩૫

કોઇ બે મીત્ર કાંઇ ખાનગી વાત કરતા હતા તેવામાં એક ત્રીજા મીત્રે પુછયું કે " ભાઇ તમે શી વાત કરી ?" ત્યારે એકે જવાબ દીધો કે " કહેવા જેવી નથી " ત્યારે તે બોલ્યો કે હુ જાણુંછુ ત્યારે પેલો મીત્ર બોલ્યો કે " જાણોછો ત્યારે કહો જોઇએ હમે શી વાત કરી " ત્યારે પેલો મીત્ર ઠંડે પેટે બોલ્યો કે " કહેવા જેવી નથી " પેલો મીત્ર ભોંઠો પડયો. શેરને માથે સવાશેર (!!)

---

( ૩૬ )

સ્વદેશ વીજય નામના પેપરનો એક ઍડીટર હતો કે જેનું નામ લઘુલાલ હતું અને જેણે પહેલાં " ભારત.

વીજય " નામનું પત્ર કાઢયુ હતું અને તેનાં લવાજમનાં નાણાં ખાઇ જઇ પેપર એના દાદાપાસે પહોંચાડી દીધુ હતું અને ગ્રાહકોને રોવરાવ્યા હતા. ત્યાર બાદ ઉપરનું "સ્વદેશાવીજય " પેપર કાઢયુ હતું. એક દીવસ એક ગ્રહસ્થ સાથે લઘુલાલને વાતચીત થતાં લઘુલાલ બોલ્યો કે "સાહેબ તમે મને ઓળખોછો ?" પલો ગ્રહસ્થ સત્ય વાદી હતો તે બોલ્યો કે " જી હા જનાબ હુ આપને સારી રીતે ઓળખુછુ આપે ભારત પ્રકાશ પેપર કાઢી તેના નાણાં હોઇયાં કરી ગયા હતા તે વળી તમે કેરોસીનના ડબા બદરૂદીન શેઠને ત્યાંથી લઇ તેના પેસા પણ ભુ કવા હતા તે, વળી હાલમાં સ્વદેશ વીજય પત્ર કાઢયું છે તે, વળી તમારાપર વા ટપર વારટ ફરે છે તે, વળી તમારી કીર્તીનાં કાગળીયાં ગામે ગામ વ્હેચાયા છે તે અને વળી તમે ઉજળા લોફર ગણાઓછો તે કહો હવે તેથી આપનું વધારે ઓળખાણ શુ આપોછો ?" ઍડીટરનું કોડું ગબ (!!)

---

( ૩૭ )

એક વિદ્યાર્થી એક શીક્ષકની પાસે જઇ સલામ કરી ઉભો રહ્યો તેને જોઇ શીક્ષક બોલ્યા "કેમરે અલ્યા તું મને ઓળખેછ ?" વિદ્યાર્થી બોલ્યો "હા સાહેબ. ગઇ

સાલ તમે હુમારા ડેપ્યુટી થઇ પરીક્ષા લેવા આવ્યા હુતા તે વખતે પરિક્ષામાં મે કૉપી નહોતી કરી છતાં તમે કહ્યું હતું કે તે ચોરી કરી કૉપી કરી છે. અને તેથી તમે ચાર નંબર વન પડયા હુતા તે કેમ નહીં સાહેબ ?" શીક્ષક સાહેબ વળીયો ગણવા લાગ્યા.

---

( ૩૮ )

"યાર બાલુરામ હવે તો બદાને ખુદા પણ સાથે લાગો સ્હાય થાવા બેઠો છે હોં" એમ શીવરામ બોલ્યો.

બાલુરામ કહે "હા યાર શીવરામ ટપાલ ફોડાવો એટલે ખુદા સાથે લાગો સ્હાય કેમ ના થાય. તેના રૂડા પ્રતાપ"

સીવ. "ના યાર ના હું તો લઘુલાલને ત્યાં સબએડી ટર તરીકે રહ્યોછું અને ત્યાં પેપર ચલાવુ છુ તથા આર્ટી કલ લખી આપુ છુ.

બાલુરામ કહે "વાહુવાહુ તમારા જેવા સબ એડી ટર મળે તેનાંએ ચશમાં ફરી ગયાં સમજવાં અને તમને તથા લઘુલાલને ખુદા પણ એકદમ સ્હાય થવાનો એમાં શકનહીં પણ યાર જરા બુટ પૉલીશ કરજો અગર તો એડીટરને માટે ચાહના કપ લઇ આવજો હો" સીવરામનું ભેજું ખશી ગયું.

---

( ૩૯ )

એક સખશની બદમીજાજ જોરૂ સખત માંદી થઇ અને નાઉમેદીની હાલતમાં પોતાના ધણીને કહેવા લાગી કે " પ્રાણનાથ હુ મરી જઇશ તો તમે શી રીતે જીવશો ? " પેલા સખસે જવાબ દીધો કે " પ્યારી મને તો એ વાતની ફીકર થાય છે કે જો તુ બચી તો હુ શી રીતે જીવી શકીશ."

---

( ૪૦ )

મ્યુનીસીપાલીટીનો એક મેમ્બર પોતાના એક મીત્રને કહેવા લાગ્યો કે " જુઓ મીત્ર આ ગલીમાં કેવી સફાઇ છે. ? "

મીત્ર—" હા બીજી બધી ગલી કરતાં આ ગલી અધિક સાફ છે. તેનું શું કારણ ? "

મેમ્બર " જીહા એ ગલી બહુજ સાફ છે. આજ ગલીમાં મારૂ મકાન છે. "

---

( ૪૧ )

એક માણસ પરમેશ્વરની પ્રાર્થના કરતો હતો કે " હે

ભગવાન મને તું ઘોડો આપ " હંમેશાં સાંજસવાર તે ઘોડો માગતો જે મહોલ્લામાં તે રહેતો હતો તેમાં જોગ જોગે ચોરી થઇ અને રાજાના સીપાઇઓએ તે બીચારાને પકડયો અને રાજા પાસે લઇ ગયા રાજાએ પણ હુકમ કર્યો કે " કાળુ મોં કરી એને ગધેડે બેસાડી ગામમાં ફેરવો " જ્યારે તેને ગધેડાપર બેસાડી ગામમાં ફેરવ્યો ત્યારે પરમેશ્વરને કહેવા લાગ્યો કે "વાહ પરમેશ્વર આટલા દીવસ ઇશ્વરપણું કર્યું પણ ઘોડો અને ગધેડો ઓળખ્યો નહી !"

---

( ૪૨ )

મશ્કરો કહે " મારા પુસ્તકાલયમાં ત્રીસ હજાર પુસ્તક છે. "

બીજો અરે મારી પાસે એક એવું પુસ્તક છે કે જેમાં તારાં ત્રીસે હજાર પુસ્તકનો અક્ષરે અક્ષર સમાયલો છે. "
પહેલો. " અરે તદ્દન ખોટું તારા પુસ્તકનું નામ કહે જોઇએ " બીજો. " કોષ " ( ડીકસનેરી )

---

( ૪૩ )

ખરીદનાર દુકાનદારને કહે " ભાઇ કાલે તમે જે ઘડીઆળ આપી તે બરાબર વખત આપતી નથી "

દુકાનદાર કહે " ભાઇ એમાં ઘડીયાળનો શો દોષ ? આપે નથી સાંભળ્યું કે આજકાલનો વખત બુરો છે. હ-વે પાછલો જમાનો રહ્યો નથી "

---

( ૪૪ )

એક ફકીર એક ગૃહસ્થને કહે " બાબા ફકીરકો કુછ દીલવાઇએ ખુદા આપકા બેટા સલામત રખે " ગૃહસ્થ " સાંઇ હમણાં ઘરવાળી નથી થોડીવાર રહીને આવો.

ફકીર " બાબા મુઝે રોટી ચાહીયે ઘરવાલી નહી મંગતા"

---

( ૪૫ )

શીરીન " એ તું શું કરે છે જાઇ ? વૈદાની ચોપડી લઇને સાની બેથી છે ! દાકતર થવા માંગેચકે ? "

જાઇ-" નહીરે એમ નથી. મારી સાથે મરેરે પેલા સોલુ અને ડોલુ બેઉજણા પરનવા માંગે છે.

બેઉની ઉમ્મર ૬૦ વરસની છે. ને બેઉ પાસ લાખ લાખ રૂપીયા છે. તારે હું જોઉંચકે કીયા સાથે પરનવું ઠીક થસે. "

શીરીન " ઓ વાય. તે સું વેદાંની ચોપરીમાં લખ્યું ચ!" જાહ્ન " જોની સોલ્લુને ક્ષયરોગ થયોચ અને ડોલુને હાર્ટડીઝીજ લાગુ પર્યોચ તારે બેઉમાંથી કીયાને પરનવાથી લાખ રૂપીયા જલદી હાથ આવસે તે હું જોવા માંડુ છ. બેઉ દરદમાં વધારે જલ્દી પાર લાવે તેને આપરેતા ચાન્સ આપસુ."

---

( ૪૬ )

એક ભીખારીને કોઇએ પૈસો આપ્યો અને તરતજ તે આંધળાએ તો આંખ ઉઘાડીને પૈસો તપાસ્યો પેલો માણુસ—ગુસ્સેથી બોલ્યો—" કેમ રે બચ્ચા તે મને છેતર્યો ' તું તો આંધળો હતો ને ?

ભીખારી—" હા તેતો હુ જ પણ હમણાં કોચીનના શાહુકાર ઘણા વધી પડયા છે. ને ખોટા પૈસા ઠસાવી દેછે. તેથી ખાત્રી કરવા માગી કે તમે આપેલો પૈસો ખરો છે કે કેમ ! " એમ કહી ભીખારીએ આંખ મીચી દીધી.

---

( ૪૭ )

એક મીયાં સાહેબ સફર કરવા ગયા ત્યાં બહુ દીવસ

રહ્યા. અહીં એમના ઘરમાં બીબીએ ચાર યાર કર્યા એ-માંના એકનું નામ કરીમ હતું. તે બધા એક બારીમાંથી ઘરમાં આવતા હતા. એક દીવસ એવું બન્યુ કે મીયાં પરદેશથી આવ્યો તે દીવસે કરીમનો વારો હતો. તેથી બીબીએ કરીમને ચાર પાઇ નીચે સતાડયો. અને મીયાં સાથે વાત કરવા લાગી કે "મને ફુલાણું ફુલાણું ગરેણું અને લુગડાં લઇ આપો." મીયાં બાચારા ધર્માત્મા હતા અને દરેક બાબતમાં કહેતા હતા કે "કરીમ (પરમેશ્વર) દેગા" આ સાંભળી સંતાયલા કરીમથી ચુપ ના રહેવાયું તે ગુસ્સામાં ચાર પાઇ પાસેથી નીકળી કહેવા લાગ્યો કે "અબે ઉલ્લુ સબ કરીમહી દેગા? વો તીનો સાલે કીધર ગયે?"

---

( ૪૮ )

એક હબશી અમીર બેઠો હતો અને પાસે છોકરો રમતો હતો તેવામાં કોઇ એક ફકીર ત્યાં આવ્યો અમીરે તેને જોતાંજ એક રૂપીયો કાઢીને આપ્યા ફકીર રૂપીયો લેતાં બોલ્યો કે "રંગતો કાળો છે પણ મન સફેદ છે."

---

( ૪૯ )

એક આદમી કલાલની દુકાનેથી ખુબ દારૂપીને ઘેર જતો હતો નીશામાં રસ્તામાં જતાં ઠોકરખાતાં પડી ગયો અને માથામાં સખત વાગ્યુ. બીજે દીવસે ફરી તે કલાલની દુકાને જઇને બેઠો એવામાં એક બીજો માણસ દારૂ લેવા આવ્યો અને બોલ્યો કે " તેજમાં તેજ દારૂ આપજો નહીતો પહેલો નમુનો બતાવો કે કેવો તેજ છે." પેલો બેઠો હતો તે દારૂડીયો બોલ્યો કે " ભાઈ આમ જુઓ આ તેજ દારૂનો નમુનો છે. "

---

( ૫૦ )

એક મશ્કરાએ કંઇ કસુર કરી તેથી તેને બાદશાહ પાસે લઇ ગયા. બાદશાહે હુકમ કર્યો કે " એના નાકમાં એક છેદ પાડો " મશ્કરો બોલ્યો કે " જહાંપનાહ પરમેશ્વરે પોતેજ બે છેદ પાડયા છે અને હવે ત્રીજાને માટે આપ ખાલી તકલીફ શીદ ઉઠાવો છો ? " બાદશાહ હસી પડયો અને તેને જવા દીધો.

---

( ૫૧ )

કોઇ બેવકુફનો બાપ માંદો પડયો તેને જોઇ બધાં રોવા લાગ્યાં એટલામાં તે બેવકુફ કહેવા લાગ્યો કે " ભાઇ ન્હવરાવનારને બોલાવો મડદાને ન્હવરાવે " બધાંએ કહ્યું કે " હમણાં તો મરી નથી ગયો ? " બેવકુફે જવાબ દીધો કે " મર્યા નથી તો શુ થઇ ગયું. છેવટે તો મરવાનોજ છે તો નહવરાવ્યા પછી મરે ત્યાં સુધીની ફુરસદ મળશે. એમાં શુ નુકશાન છે. ? " અક્કલનો ધરકોતરો ( ! ! )

———

( ૫૨ )

કોઇ આદમીએ એક જણને પુછયુ કે આ સંસારમાં બધાંથી મોટી વસ્તુ કઇ ! " પેલાએ જવાબ આપ્યો કે " અક્કલ " સવાલ " તે રહેછે કયાં " જવાબ " ખોપરીમાં " સવાલ " ખાયછે શુ ? " જવાબ " ગમ " સવાલ " કરે છે શુ ? " જવાબ " કાજીને પાજી ને પાજીને કાજી "

———

( ૫૩ )

કોઇ એક કંજુસનો બાપ મરવાની અણીપર હતો. રાતરે જ્યારે બધાં સુવા ગયાં ત્યારે તેણે નોકરને કહ્યુ કે " જો પીતાજી મરી જાય તો દીવો ગુલ કરી નાખજો બે ફાયદા તેલ શામાટે બાળવું ? "

---

( ૫૪ )

એક મશ્કરે એક સ્ત્રીની સાથે લગ્ન કર્યું ચાર મહીના બાદ તેની સ્ત્રીએ છોકરાને જન્મ આપ્યો. અને મશ્કરાને પુછવા લાગી કે " એનું નામ શુ રાખાશું ? " મશ્કરે કહ્યું કે " એનું નામ મહાન મુસાફર રાખાશુ કારણકે એ-ણે નવ મહીનાનો રસ્તો ચારજ મહીનામાં પુરો કર્યો છે."

---

( ૫૫ )

એક મનુષ્ય બહુજ ભુખ્યો હતો તે એક કાજીના મકા-ન આગળ જઇ કહેવા લાગ્યો કે " હું બહુજ ભુખ્યો છું.

ઇશ્વરના નામપર મને કંઇ ખાવાનું આપો તો ખાઉં" કાજીએ કહ્યું કે "આતો કાજીનું ઘર છે કસમ ખાઓ અનેચાલ્યા જાઓ."

---

( ૫૬ )

કોઇ મશ્કરાની ડોળ અને દોરડું ચોર લઇ ગયા તેથી તે બોલ્યો કે "ચોર સાહેબ જો હું [illegible] પણ લઇ જતા તો મ્હોટી મહેરબાની કારણકે હવે કુવો [illegible] કશા કામનો [illegible]વો"

---

( ૫૭ )

એક આદમી પોતાના છોકરા સાથે [illegible]તાનું વતન છોડી કોઇ બીજા ગામમાં ગયો એક દાવસ [illegible]વી છોકરા ના નામનો પત્ર આવ્યો કે "તમારે ત્યાં છોકરો આવ્યો છે?" આ પત્ર વાંચી એને વીચાર આવ્યો કે "આજ મને ઘર છોડે દોઢ વર્ષ વીતી ગયુ છે છતાં છોકરો શી રીતે આવે" આ ગુંચવણથી તેણે તેના બાપને કહ્યુ કે "બાપા ઘેરથી પત્ર આવ્યો છે તેમાં લખે છે કે મારે છોકરો થયો પણ એવું કહી બને કે હું ઘેર દોઢ વર્ષથી નથી અને છોકરો

બાપે જવાબ દીધો કે "બેટા એમાં શી ફીક
ારે તું પેદા થયો ત્યાર પહેલાંનો હું બાર
હોતો."

---

( ૫૮ )

એક દીવસ અકબર બાદશાહે બીરબલને કહ્યુ કે
ારે મે સ્વપ્નમાં જોયુ કે હું અમૃતના હોજમાં પડયો.
અને તું નર્કના હોજમાં પડયોહતું." બીરબલે હાથ
જોડી કહ્યુ કે "જહાંપનાહ ખરી વાત છે કે મને પણ એજ
સ્વપ્ન આવ્યું હતું પરતુ મે એટલું વધારે દેખ્યું હતુ
કે જાણે આપ મને ચાટતા હતા અને હું આપને ચાટતો.
બાદશાહ ચુપ થઈ ગયો."

---

( ૫૯ )

એક મનુષ્ય મદિરા પીને નીશામાં રસ્તામાં પડયો
હતો તેવામાં એક પોલીસ આવીને કહેવા લાગ્યો કે
"અરે ઓ શરાબી ઉઠ કેદખાનામાં ચાલ" દારૂડીયે કહ્યુ
કે "અરે બેવકુફ જો હું ચાલવાને શકતીવાન હત તો

મારે ફેરજ ના જાત તમારી સાથે કેદખાના આવત ! ”

---

( ૬૦ )

એક આદમી બહુજ બીમાર હતો. જ્યારે સાજો થયો ત્યારે પોતાના એક મીત્રને તેણે કહ્યું કે મારી બીમારીમાં ઘણી મહેનત કરી અને મને સાજો કર્યો. મીત્રે કહ્યું “ દાકતારે નહીં પણ ઇશ્વરની કૃપાએ તમે સાજા થઇ ગયા ” બીમારે જવાબ દીધો કે “ કદાચ તેમ હશે પરંતુ સાજા થવા માટે રૂપિયો તો જ દાકતરને આપવો પડયો.

---

( ૬૧ )

આ પુસ્તકના અનુગ્રાહક ગ્રાહક મહાશયોમાંના કોઇ સાહેબ સંગ્રહ કર્તાને કહે કે “ આ પુસ્તક વાંચી હમને હસવું ના આવ્યુ માટે તમે તમારા લખ્યા “ પુસ્તક પાછું લ્યો ” તો ખુશીથી પુસ્તક પાછું આવશે પરંતુ જો કદી મુલ્ય પાછું માગવાનું કરે તો સંગ્રહ કર્તાની પાસે તેનો પણ જવાબ છે કે “ પુસ્તકના ટાઇટલ પેજ પર હસવું ના આવે તો પુસ્તક પાછું લેવામાં આવશે એટલું લખ્યું છે પરંતુ મુલ્ય પાછું આપવાનું લખ્યું નથી. ” કેમ સાહેબ ! ખરૂં કે નહી ? કેમ કેવી કહી !